## સ્થાનીક પરીવહન સતા મંડળ કરછ-ભુજ સમક્ષ

ઠરાવઃ- વંચાણે લીધા

(૧) વાહન વ્યવહાર કમિશ્નરશ્રીનો પત્ર તા.૦૨/૦૧/૧૫

(૨) મોટર વાહન અધિનિયમ ૧૯૮૮ ની કલમ ૮૬ (૫)

આમુખઃ- વંચાણે લીધા ૧ થી વાહન વ્યવહાર કમિશ્નરશ્રીએ નીચે પ્રમાણે સુચના આપેલ છે.

"સૌનીપ્રોજેકટ" ના રીજીડ ફ્રેમ વાળા પાઈપોના પરિવહન માટેની માંડવાળ ફીની અસમાનતા દુર કરવા કરછ જીલ્લા પુરતુ "સૌનીયોજના" ના પાઈપ ના વહન માટે આપે સુચવેલ માંડવાળ ફીના દરને લંબાઈ રૂા.૧૦,૦૦૦/-, પંહોળાઈ રૂા.૫,૦૦૦/-, ઉંચાઈ રૂા.૫,૦૦૦/- સરકારશ્રીએ સંમતી આપેલ છે. આથી રીજીડફ્રેમ વાહનમાં "સૌનીપ્રોજેકટ" ના રીજીડફ્રેમ વાળા વાહનમાં વધુ લંબાઈ, પહોળાઈ, ઉંચાઈ નાં પાઈપોના પરિવહનનાં કારણે પરમીટ શરતોનો ભંગ થવાના કિસ્સામાં પરમીટ સસ્પેન્શનની કાર્યવાહી માં પરમીટ સસ્પેન્ડ કરવાને બદલે આ માંડવાળ ફી લઈ શકાય તે માટે આર.ટી.એ. કરછ-ભુજ નો જરૂરી ઠરાવ કરી કરછ ભુજ જીલ્લામાં અમલ કરવા સુચના આપેલ છે. તા.૧૫/૧૧/૧૪ ના પરિપત્ર થી અપાયેલ બાકીની સુચનાઓ યથાવત રાખવા જણાવેલ છે.

ઉપરોકત વિગતે નીચે પ્રમાણે ઠરાવ કરવામાં આવે છે.

ઠરાવઃ-

કરછ જીલ્લામાંથી "સૌનીપ્રોજેકટ" માટે રીજીડફ્રેમ માં વાહનોમાં વહન કરવામાં આવતી પાઈપો તથા તેના જેવા માપ સાઈઝ વાળી અન્ય પાઈપો ના પરિવહનમાં પરમીટ શરતના ભંગ બદલની કાર્યવાહી કરવામાં આવે ત્યારે પરમીટ સસ્પેન્શન ની કાર્યવાહીમાં પરમીટ સસ્પેન્ડ કરવાની અવેજીમાં નીચે પ્રમાણે માંડવાળ ફી લઈ શકાશે.

ફી ની વિગત.

(૧) પાઈપ વાહનની લંબાઈની બહાર નીકળે તો રૂા.૧૦,૦૦૦/- માંડવાળ થી લઈ શકાશે.
(૨) પાઈપ વાહનની પહોળાઈની બહાર નીકળે તો રૂા.૫,૦૦૦/- લઈ શકાશે.
(૩) પાઈપ વાહનની ઉંચાઈની બહાર નીકળે તો રૂા.૫,૦૦૦/- લઈ શકાશે.

વાહન વ્યવહાર કમિશ્નરશ્રીના તા.૧૫/૧૧/૧૪ ના પરિપત્ર થી અપાયેલ બાકીની સુચનાઓ યથાવત રાખવાનું ઠરાવવામાં આવેલ છે.

સચિવ
પ્રાદેશિક વાહન વ્યવહાર સતામંડળ

અધ્યક્ષ
પ્રાદેશિક વાહન વ્યવહાર સતામંડળ
ભુજ-કરછ